ઈ-મેઈલ

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૧/૭૫૮-૯
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૧૦/૦૫/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : રાષ્ટ્રીય બાલવિજ્ઞાન કોંગ્રેસ ૨૦૨૧ ના યોજાનાર કાર્યક્રમ બાબત.

સંદર્ભ : સલાહકારશ્રી, Gujarat Council on Science and Technology (GUJCOST) ના પત્રાંક: GUJCOST/NCSC/2021-22/584, dated 7th May 2021

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી કોમ્યુનિકેશન (એન.સી.એસ.ટી.સી.) દ્વારા સમગ્ર દેશમાં રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ કાર્યક્રમ (એન.સી.એસ.સી.) નું આયોજન કરવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ ૧૦ થી ૧૭ વર્ષની વયના બાળકોમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવાનો છે.

આ કાર્યક્રમ માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) એ ગુજરાત રાજ્યનું કો-ઓર્ડિનેટર છે. NCSC-2021 માટેની થીમ- Science for Sustainable Living (નિરંતર ટકાઉ જીવનનિર્વાહ માટે વિજ્ઞાન) છે. જેની ૫ સબ-થીમ છે. જિલ્લા, રાજ્ય અને ત્યારબાદ રાષ્ટ્રીય કક્ષાએ યોજાનાર આ કાર્યક્રમમાં રાજ્યના મહત્તમ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભાગ લે તે માટે આપના જિલ્લાની તમામ શાળાઓમાં આપની કક્ષાએથી વિગતવાર પરિપત્ર કરવાનો રહેશે.

-પરિસ્થિતિ અને સરકારશ્રીના આદેશ અનુસાર આ કાર્યક્રમ સમયની અનુકૂળતા પ્રમાણે ઓનલાઈન/ઓફલાઈન માધ્યમથી યોજવામાં આવશે.

-આ પ્રવૃત્તિમાં પસંદ કરેલ શાળાઓમાં શિક્ષક અને વિદ્યાર્થીનું નિયમ મુજબનું પ્રવાસ ભથ્થું અને ટી.એ. (ફક્ત ગુજરાત રાજ્ય પ્રવસ પૂરતા) સંસ્થા પોતાની નિયત ગ્રાન્ટમાંથી કરી શકે છે.

-પસંદ કરાયેલ શિક્ષકોને આ પ્રવૃત્તિમાં જરૂરી પ્રવાસ કરવો પડે તે સમયને લીવ ઓન ડ્યુટી ગણવામાં આવશે.

-રાજ્ય કક્ષામાંથી પસંદ થયેલ વિદ્યાર્થીઓના દરેક ટીમનો એક લીડર રાજ્ય સ્તર અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે અને તેનો ખર્ચ યજમાન રાજ્ય ભોગવશે.

વધારાની માહિતી/સૂચનાઓ આ સાથે સામેલ બિડાણમાં જણાવેલ છે. કાર્યક્રમને લગતી વિશેષ માહિતી/જાણકારી મેળવવા માટે જિલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવો.

બિડાણ: સંદર્ભદર્શિત પત્ર અને તે સાથેના બિડાણ

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ : -સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લૉક-બી, ૭મો માળ, બહુમાળી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.

GUJCOST
INWARD
No.: 366
Dt.: 17 MAY 2021
Br.: